| | | |
|---|---|---|
| GJBN050002552025 | | કેસ રજુ તા: ૦૭/૦૨/૨૦૨૫<br>કેસ દાખલ તા: ૦૭/૦૨/૨૦૨૫<br>કેસ ફેંસલ તા: ૧૯/૦૫/૨૦૨૬<br>સમયગાળો :દિવસ–માસ–વર્ષ |

**મહુવાના મહે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ – મહુવા**
**ફોજદારી કેસ નં.:– ૧૨૫/૨૦૨૫**

**આંક:–**

**ફરીયાદી : ભરતભાઈ ધીરૂભાઈ ઘુંઘળવા.**
ઉ.વ.૩૯ ધંધો.વેપાર.
રહે, મું.બીલડી, તા.મહુવા. જી.ભાવનગર.

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી : ગોવિંદભાઈ રણછોડભાઈ ઢાપા**
ઉ.વ.૪૦ ધંધો.ખેતી.
રહે.મું.નાના પીપળવા, તા.મહુવા જી.ભાવનગર.

---

ફરીયાદી તરફે વિ.વ.શ્રી એમ.બી.મોઠીયા.
આરોપી તરફે વિ.વ.શ્રી એ.યુ.તેલી.

---

**ગુનો :– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:૧૩૮ તથા ૧૪૨ અન્વયે ફરીયાદ**

---

**–:: ચૂકાદો ::–**

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ખેતીકામ તથા વેપાર કરી તેઓ નું ગુજરાન ચલાવે છે અને આ કામના આરોપી ખેતીકામ કરે છે અને આરોપી ની બેઠક ફરીયાદી ની દુકાને હોવાથી ફરીયાદી તથા આરોપી વચ્ચે મીત્રતા ના સબંધો છે. આરોપી અને ફરીયાદી વચ્ચે મીત્રતા હોય

ફરીયાદીએ આરોપી ને રૂા.૨,૦૦,૦૦૦/– પુરા આરોપી ને અંગત કામ માટે જરુરીયાત પડતા આરોપીએ ફરીયાદી પાસે થી માંગણી કરતા ફરીયાદીએ આરોપી ને મીત્રતા ના નાતે રૂા.૨,૦૦,૦૦૦/– પુરા હાથ ઉછી ના આપેલા અને આરોપી એ આ રકમ બે માસ માં ચુકવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપેલો. ત્યારબાદ સમય અવધિ પુરી થતા ફરીયાદીએ આરોપી પાસે થી તેઓ ની લેણી રકમ ની ઉઘરાણીં કરતા આરોપીએ થોડો સમય રાહ જોવાનું કહેલ, ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસે થી રૂબરૂ માં સદર રકમ ની માંગણી કરતા આરોપીએ ફરીયાદી ને એચ.ડી.એફ.સી.બેંક,રાજુલા શાખા નો ચેક નં.૦૦૦૦૪૧ નો તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ નો આપેલ જે ની રકમ વસુલ મેળવવા માટે ફરીયાદીએ તેઓ ની બેંક માં રજુ કરતા સદર ચેક તા.૨૦/૧૨/૨૪ ના રોજ '' FUNDD INSUFICIENT '' ના શેરા સાથે પરત ફરેલ જે બાબત ની જાણ ફરીયાદી તે બેંક મારફતે થતા ફરીયાદીએ આરોપી ને ટેલીફોનીક જાણ કરેલ તો આરોપીએ સદર ના નાણાં બેંક માં જમાં કરાવતા હોવાનું જણાવી ચેક ફરી વખત જમા કરાવવાનું જણાવતા ફરીયાદીએ તા.૨૦/૧૨/૨૪ ના રોજ તેઓ ની બેંક માં જમાં કરાવતા સદર ચેક તા.૨૧/૧૨/૨૪ ના રોજ ફરી વખત ' FUNDD INSUFICIENT ' ના શેરા સાથે પરત ફરેલ હોય જેથી ફરીયાદીએ તા.૨૭/૧૨/૨૪ ના રોજ આરોપી ને સદર ચેક ની રકમ વસુલ આપવા માટે ની નોંટીસ પાઠવવામાં આવેલ જે નોંટીસ અન્વયે આરોપીએ જાણીં જોઈ ને એવો શેરો કરાવેલ કે કીધા વિના ચાલ્યા ગયેલ છે. આરોપીએ નોંટીસ નો કોઈ જવાબ આપેલ નહીં કે ફરીયાદી ન લેણી રકમ ચુકવી આપેલ ન હોય આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટઅકટની કલમ–૧૩૮ મુજબ ગંભીર પ્રકારનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જેથી આરોપી વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની સખત નશ્યત કરવા અરજ ગુજારેલ છે.

૨. આ કામે આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના

ગુન્હાના પ્રોસેસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો આપવામાં આવેલ આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ છે. આ કેસ સમન્સ ટ્રાયેબલ કેસ ગણીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીની આંક–૯ થી પ્લી નોઘવામાં આવેલ છે. આરોપીએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરતાં,સદર કામે આરોપી સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** આ કામે ફરીયાદી તર્ફે તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| **ફરીયાદ પક્ષે મૌખિક પુરાવાઓ** | | |
| (૧) | ભરતભાઈ ધીરૂભાઈ ધુંધળવા નું સરતપાસનું સોગંદનામુ. | આંક–૦૪ |
| **ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓ** | | |
| (૧) | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક અસલ. | આંક–૨૧ |
| (૨) | ફરીયાદી ને બેંક તરફ થી આપેલ રીટર્ન મેમો અસલ. | આંક–૨૨ |
| (૩) | ફરીયાદીએ આરોપી ને મોકલાવેલ નોંટીસ ની સ્થળપ્રત | આંક–૨૩ |
| (૪) | ફરીયાદીએ આરોપી ને આપેલ નોંટીસ ની રજી.એડી. ની પાવતી. | આંક–૨૪ |
| (૫) | નોંટીસ નું કવર લેફ્ટ ના શેરા સાથે પરત આવેલ તે અસલ. | આંક–૨૫ |
| (૬) | ફરીયાદીના ઓળખ અંગે નો આધાર ની નકલ. | આંક–૨૬ |
| (૧૨) | ફરીયાદી ની પેઢી નું જી.એસ.ટી.સર્ટીફીકેટ ની નકલ. | આંક–૨૦ |

ત્યારબાદ આ કામે ફરીયાદી તર્ફે વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા ન હોય આંક–૨૯ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી તેમનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

૪. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાના આધારે આ કામના આરોપીનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવાના માં આવેલ છે. જેમાં તેઓ એ જણાવેલ છે કે, તેઓ એ આ કામના ફરીયાદી સાથે કોઈ વ્યવહાર કરેલ નથી અને કોઈ ચેક ફરીયાદીને આપેલ નથી અને બીજા ગામના પાસે થી કોરા ચેક લઈ તે ચેક નો દુરઉપયોગ કરેલ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે તેમજ તેઓ પોતા ના બચાવમાં કોઈ સાક્ષી તપાસવામાં માંગતા નથી તેમજ પુરાવો રજુ કરવા માંગતા નહીં હોવાનું જણાવેલ છે.

**દલીલો :–**

૫. ફરીયાદી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળેલ છે. જેમાં તેઓ એ જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસે થી લીધેલ હાથઉછી ની લીધેલ રકમ પરત ચુકવણી પેટે ચેક આપવામાં આવેલ જે ચેક વણચુકવ્યો પરત ફરેલ હોય ચેક ની રકમ ની માગણી માંટે ફરીયાદીએ આરોપી ને ડીમાન્ડ નોંટીસ પાઠવવા માં આવેલ હોવા છતા આરોપીએ ફરીયાદીની કાયદેસર ની લેણી રકમ ચુકવી આપેલ નથી. તેમજ ફરીયાદી નું આરોપી પાસે કોઈ કાયદેસર નું લેણું નથી તે પુરવાર કરવા માટે આરોપી તરફે કોઈ જ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ આરોપીપક્ષે ફરીયાદી ની કરવામાં આવેલ ઉલટ તપાસ ને ધ્યાને લેતા પણ ફરીયાદી તથા આરોપી વચ્ચે ફરીયાદવાળો વ્યવહાર થયેલ નથી કે ફરીયાદી નું આરોપી પાસે કોઈ લેણું નથી તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય આરોપી વિરૂધ્ધ નો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર થતો હોય આરોપી ને સદર કાયદા મુંજબ ની મહત્તમ સજા કરવા તથા ચેક ની બમણીં રકમ નો દંડ કરી તેમાં તે ફરીયાદી ને ચેક ની રકમ નું વળતર અપાવવા નો હુકમ કરવાની દલીલ કરવામાં આવેલ છે.

વિરૂધ્ધ માં આરોપી તરફે વિ.વ.શ્રી એ દલીલો કરી જણાવેલ છે કે,આ કામના આરોપી ને ફરીયાદી સાથે કોઈ વ્યવહાર થયેલ નથી તેમજ ફરીયાદી તરફે રજુ કરવામાં

આવેલ રીટર્ન મેમા માં મેનેજર ની સહીં નથી તેમજ ચેક ના બોડી રાઈટીંગ અલગ અલગ છે આરોપી ને નોંટીસ મળેલ હોય તે હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદીએ ફરીયાદ માં જણાવ્યા મુંજબ ની રકમ કયારે, કઈ તારીખે આપેલ તે હકીકત પુરવાર કરવામાં આવેલ નથી જેથી ફરીયાદપક્ષ તેઓ નો કેસ પુરવાર કરી શકેલ ન હોય તેમજ આરોપી ધ્વારા ફરીયાદી ની તરફેંણ માં થયેલ અનુમાન નું ખંડન કરવામાં આવેલ હોય અને ત્યારબાદ ફરીયાદપક્ષે કોઈ પુરાવો રજુ કરેલ ન હોય,આરોપી ને નિર્દોષ ઠરાવી છોડ મુંકવાની દલીલ કરવામાં આવેલ છે.

**૬.** આ કામે ફરીયાદીની ફરીયાદનાં ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: <u>મુદ્દા</u> :-**

(૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકા થી પર પુરવાર કરે છે કે,તેમના કાયદેસરના લેણા પેટે આરોપીએ એચ.ડી.એફ.સી.બેંક,રાજુલા શાખા નો ચેક નં.૦૦૦૦૪૧ રૂા.૨૦૦,૦૦૦/- નો તા.૧૮/૧૨/૨૦૨૪ ના રોજ નો ફરીયાદી નાં નામ ના આપેલ અને તે ચેક ફરીયાદી પ્રથમ વખત તા.૧૮/૧૨/૨૪ ના રોજ જમાં કરવાતા સદર ચેક '' FUNDD INSUFICIENT '' ના શેરા સાથે તા.૨૦/૧૨/૨૪ ના રોજ વણચુકવ્યો પરત ફરેલ ત્યારબાદ આરોપી ની સુચના થી ફરી વખત સદર ચેક તા.૨૦/૧૨/૨૪ ના રોજ બેંક માં જમા કરાવતા સદર ચેક તા.૨૧/૧૨/૨૪ ના રોજ ફરી વખત '' FUNDD INSUFICIENT '' ના શેરા સાથે પરત ફરતા તકરારી ચેક ની રકમ વસુલ આપવા માટે ફરીયાદીએ આરોપી ને લેખિત ડીમાન્ડ નોટીસ આપવા છતા આરોપીએ દિન-૧૫ માં ફરીયાદીના કાયદેસરના લેણા પેટે નાણાંની ચુકવણી નહી કરી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## – : કા ર ણો : –

૮. આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા અગાઉ ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ ની કાનુની જોગવાઈઓની નોંધ લેવી આવશયક છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ :–**

સમગ્ર અથવા અશંત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક તે ખાતામાંથી બીજી વ્યકિતને નાણાં ચુકવવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક પરત કરે અને પરત થવાનુ કારણ એવુ હોય કે, ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તે બેન્ક સાથે સમજુતીથી કરેલી વ્યવસ્થા પ્રમાણે ચેકની રકમ તે રકમ કરતા વધારે છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યાનુ ગણાશે અને આ કાયદાની અન્ય જોગવાઈઓને બાધ ન આવે તો તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમ કરતા બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામા આવશે.

ક) જે તારીખે ચેક લખ્યો હોય, તે તારીખે થી ૩ મહીના ની મુદત અથવા તેની કાયદેસર ની મુદત એ બે માં થી જે વહેલી આવતી હોય તેટલી મુદત ની અંદર બેન્ક માં રજુ કરવામાં આવ્યો હોય,

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લેણા અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત અથવા સંબંધી બેંક પાસેથી તેની માહીત મળ્યા ના (૩૦ દિવસ ની અંદર) ચેક લખનાર ને લેખિત માં નોટીસ આપીને નાણાં ની ચુકવણીં કરવા માટે માંગણી કરી હોય અને..

(ગ) તેવી નોટીસ મળ્યા ના ૧૫ દિવસ ની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેક ના ધારક ને સદરહું નાણાની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

**સ્પષ્ટીકરણ :**આ કલમ ના હેનુ માટે '' દેવુ અથવા અન્ય જવાબદારી '' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ :–**

જયાં સુધી વિપરીત અસર પુરવાર કરવામા ન આવે ત્યાં સુધી એવુ માની લેવામા આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ મા જણાવેલ ચેક સમગ્ર અથવા અશંત: અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે.

૯. વધુમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટેના આવશ્યક તત્વો નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાથી જાણવાનો પ્રયત્ન કરેલ છે.ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –૧૩૮ ના તત્વો જણાવેલા છે, જે નીચે મુજબ છે. In **Gimpex Private Limited vs. Manoj Goel** , this Court has unpacked the ingredients forming the basis of the offence under Section 138 of the NI Act in the following structure:

(1) The drawing of a cheque by person on do account maintained by him with the banker for the payment of any amount of money to another from that account;

(i) The cheque being drawn for the discharge in whole or in part of any debt or other liability;

(iii) Presentation of the cheque to the bank arranged to be paid from that account,

(iv) The return of the cheque by the drawee bank as unpaid either because the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount

(v) A notice by the payee or the holder in due course making a demand for the

payment of the amount to the drawer of the cheque within 30 days of the receipt of information from the bank in regard to the return of the cheque; and

(vi) The drawer of the cheque failing to make payment of the amount of money to the payee or the holder in due course

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટના K. Bhaskaran v. Sankaran Vaidhyan Balan નો ચુકાદો ધ્યાને લેતા તેમાં પણ એન.આઈ.એકટ–૧૩૮ મુજબ ના ગુના આવશ્યક તત્વો બાબતે ચર્ચા કરતા ઠરાવેલ છે કે, This Court had summarised the constituent elements of the offence in fairly similar terms by holding:

"14. The offence Under Section 138 of the Act can be completed only with the concatenation of a number of acts. The following are the acts which are components of the said offence: (1) drawing of the cheque, (2) presentation of the cheque to the bank, (3) returning the cheque unpaid by the drawee bank, (4) giving notice in writing to the drawer of the cheque demanding payment of the cheque amount, (5) failure of the drawer to make payment within 15 days of the receipt of the notice."

**૧૦.** આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ નો ગુના ને આકર્ષવા માટે ઉપર મુજબ ના તત્વો પરીપુર્ણ થવા જરુરી છે. હવે પ્રસ્તુત કેસ માં ફરીયાદી ની ફરીયાદ હકીકત તેમજ પુરાવાઓ થી એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ ના તત્વો પરીપુર્ણ થાય છે કે કેમ તે જોવાનુ રહે છે.આ કામે ફરીયાદી તરફે આંક–૪ થી પોતાની સોગંદ ઉપરની સરતપાસ રજુ કરેલ છે. જે વંચાણે લેતા ફરીયાદીએ પોતા ની ફરીયાદની હકીકતો ને અનુરૂપ હકીકતો જણાવેલ છે અને ફરીયાદ હકીકત પુરવાર કરવા માટે ફરીયાદી તરફે આ કામે આંક–૨૧ થી ૨૬ સુધી ના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે પૈકી આક–૨૧ અસલ ચેક રજુ કરવામાં આવેલ છે સદર ચેક જોતા તે એચ.ડી.એફ.સી તે બેન્ક રાજુલા શાખા નો તા.૧૮/૧૨/૨૦૨૪ ના રૂા.૨,૦૦,૦૦૦/– નો છે જેમાં પેઈ તરીકે ફરીયાદી નું નામ આવેલ છે અને ઈશ્યુ કરનાર ના નામ માં આરોપી ના નામ ની સહીં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ

જોતા આંક–૨૨ તથા ૨૩ થી સદર ચેક નો રીટર્ન મેમા અસલ રજુ કરવામાં આવેલ છે. સદર રીટર્ન મેમા જોતા તે બંન્ને ચેકો રીટર્ન થવા નું કારણ '' FUND INSUFICIENT '' નું દર્શાવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે આંક–૨૪ થી આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ ની સ્થળપ્રત રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા આરોપી ને ફરીયાદ માં દર્શાવેલ સરનામે આપવામાં આવેલ છે.ત્યારબાદ ફરીયાદી ને તકરારી ચેક ના નાણાં ન મળતા ફરીયાદીએ હાલની ફરીયાદ તા.૦૭/૦૨/૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ હોય ફરીયાદી ની ફરીયાદ સમય મર્યાદા માં દાખલ થયેલ હોવાનું જણાય આવે છે.

વધુમાં આ કામે રેકર્ડ જોતા તકરારી ચેકમાં આરોપીની સહીં આવેલ નથી અથવા તો આરોપીએ સદર તકરારી ચેક ઈશ્યુ કરેલ નથી તેવો કોઈ સ્પષ્ટ બચાવ આરોપી તરફે કરવામાં આવેલ નથી. જેથી હવે આરોપી તરફથી વિરૂઘ્ધની કોઈ હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ઉપરોકત આક–૨૧ વાળો ચેક આરોપીએ તેના કોઈ દેવા અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગ માંથી બોજ મુકત થવા માટે ફરીયાદી ને આપેલ હોવાનું નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયે ચેક ના ધારણકર્તા એટલે કે ફરીયાદીની તરફેંણમાં અનુમાન થાય છે, જો કે આ અનુમાન નિર્ણાયક પુરાવો નથી, આ અનુમાનોનું આરોપી તરફે યોગ્ય અને વાજબી પુરાવા રજુ કરી તેમજ ફરીયાદીની ઉલટ તપાસ કરી અથવા તો રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓથી અથવા તો આ ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવા સંજોગો દર્શાવીને પણ ફરીયાદીની તરફેણ થયેલ અનુમાનનું ખંડન કરી તેને દુર કરી શકે છે. આ કામે રેકર્ડ જોતા આરોપી તરફે તેઓ ના બચાવ માં કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. પરંતુ ફરીયાદી તરફેણ માં થયેલ અનુમાન નું ખંડન કરવા માટે આરોપી ઘ્વારા ફરીયાદી ની ઉલટ તપાસ થકી પોતા નો બચાવ રેકર્ડ પર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોય આ કામના આરોપી ફરીયાદી

ની ઉલટ તપાસ થી ફરીયાદી ની તરફેણ માં થયેલ અનુમાન નું ખંડન કરવા સફળ રહેલ છે કે કેમ તે જોવાનું રહે છે જેથી અહીં ફરીયાદી ની ઉલટ તપાસ ધ્યાને લેવી જરુરી જણાંય છે. આ કામે ફરીયાદી ની ઉલટ તપાસ જોતા ફરીયાદી તેમની ઉલટ તપાસ માં સ્વીકારે છે કે, *''એ વાત ખરી છે કે, કઈ તારીખે, મહીને, સાલે આરોપીએ મારી પાસ ` રૂા.૨,૦૦,૦૦૦/- ની માંગણી કરેલ તેની કોઈ વિગત ફરીયાદ કે સોગંદનામા માં જણાવેલ નથી, આરોપીને કયારે અને કોની રૂબરૂ માં પૈસા આપેલા તેની વિગત ફરીયાદ માં જણાવેલ નથી, આરોપી પાસે થી કોઈ તારીખે ઉઘરાણી કરેલ તેની વિગત જણાવેલ નથી, ફરીયાદવાળો વ્યવહાર કઈ તારીખે કઈ જગ્યા એ કરેલ તે ફરીયાદ માં જણાવેલ નથી, આરોપી પાસે લેણું છે તેનો કોઈ લેખિત પુરાવો અમારી પાસે નથી, આરોપી ને શું અંગત કામ માટે પૈસા જોઈતા હતા તેવું ફરીયાદ કે સોગંદનામા માં જણાવેલ નથી, આરોપી ને તકરારી ચેક ના નાણાં આપેલ હોય તેવું કોઈ લખાણ આ કામે રજુ કરેલ નથી, આરોપી ને આપેલ નાણાં ની નોંધ કોઈ ચોપડે કરેલ નથી, ચેક માં ભરેલ અડધી વિગત અંગ્રેજી માં અને અડધી વિગત ગુજરાતી માં ભરેલ છે,આરોપી ને નોંટીસ મળેલ નથી, આંક-૨૨,૨૩ વાળા રીટર્ન મેમા માં બેંક મેનેજર ની સહીં નથી, આરોપી ની કઈ બેંક ની શાખા નો ચેક હતો તે ખબર નથી''*

**(૧૧)** આમ, આરોપીપક્ષે ફરીયાદી ની કરવામાં આવેલ ઉપરોકત સમગ્ર ઉલટ તપાસ ને ધ્યાને લેતા ફરીયાદી એ આરોપી ને આપેલ હાથઉછી ની રકમ સબંધે કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદીએ આરોપી ને કઈ તારીખે અને કયા મહીના માં કઈ સાલ માં રૂપિયા આપેલા તે હકીકત ફરીયાદ કે સરતપાસ સોગંદનામા માં જણાવેલ નથી તેમજ ફરીયાદ વાળા ચેક ના ચેક બોડી રાઈટીંગ સબંધે ના તેમજ આરોપી ને નોંટીસ બજેલ નહીં હોવાના બચાવો ઉલટ તપાસ માં લેવામાં આવેલ છે.પરંતુ આરોપી દ્વારા ફરીયાદી ની કરવામાં આવેલ સમગ્ર ઉલટ તપાસ થી એવી કોઈ હકીકત

રેકર્ડ પર આવતી નથી કે ફરીયાદી નું આરોપી પાસે થી કોઈ કાયદેસર લેણું નિકળતુ નથી તેમજ ફરીયાદી તથા આરોપી વચ્ચે ફરીયાદ માં જણાવેલ હાથઉછી નો વ્યવહાર થયેલ નથી. વધુમાં આરોપીએ તેઓ ની ઉલટ તપાસ માં તેમજ દલીલો માં ફરીયાદીએ આરોપી ને પાઠવેલ નોંટીસ બજાવેલ નહીં હોવાની તકરાર લેવામાં આવેલ છે. આરોપી ની આ તકરાર સબંધે ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી આંક–૨૬ થી નોંટીસ નું કવર પરત આવેલ તે રજુ કરવામાં આવેલ છે જે કવર ઉપર નો શેરો જોતા તેના પર '' R to S Addressee left without Instruction '' ના શેરા સાથે નોટીસ નું કવર પરત આવેલ છે. સદર નોંટીસ ફરીયાદ માં દર્શાવેલ સરનામે મોકલવામાં આવેલ છે.અને આરોપી ને નોંટીસ ની બજવણી થયેલ નહીં હોવાનું અહીં દલીલ ખાતર માની લ ેવામાં આવે તો પણ નામદાર સુપ્રિમ કોર્ટ ના **સી.સી.અલ્વી હાજી વિ. પલાપેટ્ટી મોહંમદ ૨૦૦૭ (૦) એઆઈજીઈએલ–એસસી–૩૯૨૯૯** ના ચુકાદાને લક્ષ માં રાખતા આરોપીપક્ષ નો નોંટીસ સબંધે ની તકરાર ગ્રાહ્ય રાખવા પાત્ર નથી કારણ કે, આરોપી ને હાલ ના કેસ નો સમન્સ બજયા બાદ તેઓ દિન–૧૫ માં ફરીયાદી ની લેણી રકમ ચુકવી આપી પોતા ની જવાબદારી માં થી મુકત થઈ શકયા હોત, પરંતુ આ કામે આરોપી એ સદર કેસ માં હાજર થયા બાદ ફરીયાદી લેણી રકમ ચુકવી આપવા માટે નો કોઈ આગ્ર હ કરવામાં આવેલ નથી. વધુમાં આરોપી તરફે ફરીયાદી ની ઉલટ તપાસ માં આંક–૨૧ વાળા ચેક ની વિગત માં અક્ષરો અલગ અલગ હોવાની તકરાર લેવામાં આવેલ છે.પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટ ના **ઓરીએન્ટલ બેન્ક ઓફ કોમર્સ વિ.પ્રબોધ કુમાર તિવારી ૨૦૨૨ (૦) એઆઈજીઈએલ–એસસી–૬૯૮૬૩** ના ચુકાદા ને લક્ષ માં લેતા ચેક માં આરોપી ની સહીં યોગ્ય રીતે થયેલ હોવાનું રેકર્ડ પર આવ્યા બાદ ચેક ની વિગત અન્ય કોઈ વ્યકિત ધ્વારા ભરવામાં આવેલ હોય તો પણ કલમ–૧૩૮ ની જોગવાઈઓ આકર્ષાય છે. આ કામે આરોપીએ ચેક ઉપર તેઓ ની સહીં નો ઈન્કાર કરવામાં આવેલ નથી જેથી આક–૨૧ વાળા ચેક નું બોડી રાઈટીંગ અલગ અલગ અક્ષરો માં હોવા માત્ર થી આરોપી

તેઓ ની જવાબદારી માં થી મુકત થતા નથી કે ફરીયાદી ની તરફેંણ માં થયેલ અનુમાન નું તેના થી ખંડન થતુ નથી.

વધુમાં આ કામે આરોપી નું ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ મુંજબ નું નિવેદન ધ્યાને લેતા તેમાં આરોપીએ એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપી ને ફરીયાદી સાથે કોઈ વ્યવહાર થયેલ નથી, પરંતુ ફરીયાદી એ બીજા ગામ ના પાસે થી ચેક લઈ તેનો દુરઉપયોગ કરેલ હોવાનું જણાવે છે.પરંતુ ફરીયાદીએ સદર નંબર વાળો પહેલા કોને આપેલ અને ફરીયાદીએ કોની પાસેથી આ ચેક મેળવી ને દુરઉપયોગ કરેલ છે તેનો કોઈ જ ખુલાસો કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદી નું ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ નું નિવેદન ધ્યાને લેતા પણ તકરારી ચેક આરોપીએ ઈશ્યુ કરેલ હોવાનું રેકર્ડ પર આવે છે.

(૧૨) આમ, આરોપી તરફે ફરીયાદી ની કરવામાં આવેલ ઉલટ તપાસ થી આરોપીએ જે સંભવીત બચાવો લેવામાં આવેલ છે તેને લક્ષ માં લેતા આ કામના આરોપીએ ફરીયાદી પાસે થી ફરીયાદ માં જણાવેલ હકીકત મુંજબ હાથઉછી ની રકમ લીધેલ નથી તેમજ આરોપીએ ફરીયાદી ની તરફેંણ માં તકરારી ચેક ઈશ્યુ કરેલ નહીં હોવાનું અને ફરીયાદી નું આરોપી પાસે થી કોઈ કાયદેસર નું લેણું નહીં હોવાનું માનવા માં આવે અને ફરીયાદી ની તરફેંણ માં થયેલ અનુમાનો નું ખંડન થાય તેવો સંભવિત બચાવ આરોપીપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નહીં હોવાનું અત્રે ની કોર્ટ નું માનવુ હોય તે સંજોગો માં તકરારી ચેક આરોપી એ પોતા ના દેવા કે જવાબદારી માં થી મુકત થવા માટે જ ફરીયાદીને આપેલ હોવાનું પ્રબળ અનુમાન ફરીયાદી ની તરફેંણ માં યથાવત રહેલ હોય ત્યારે આ કામે રીવર્સ ઓનસ ફરીયાદી ના શીરે જતુ નથી. જેથી આ કામે આરોપીપક્ષ ફરીયાદી ની તરફેંણ માં થયેલ અનુમાનો નું ખંડન કરવામાં સફળ થયેલ ન હોય અને ફરીયાદપક્ષ તેઓ નો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ છે.

વધુમાં સદર આરોપી નો કેસ આજરોજ જજમેન્ટ માટે રાખવામાં આવેલ હોવાનુ

આરોપી ને જાણ હોવા છતા આરોપીનો આજરોજ પોકાર કરાવતા આરોપી પોકાર સમયે હાજર રહેલ નથી. તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના SHARAD JETHALAL SAVLA Versus STATE OF GUJARAT, CRIMINAL MISC. APPLICATION (FOR DIRECTION) NO. 19862 of 2015, CORAM: HONOURABLE MR. JUSTICE J.B. PARDIWALA, Date : 14/11/2016 ના ચુકાદામાં ના પેરા નં.૨૨ તથા ૨૫ માં લીધેલ તારણ ધ્યાને લેવામાં આવે તો,...

22 So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court.

25 However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr. P. C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ને ધ્યાને લેતા આરોપી ની ગેરહાજરી માં પણ ચુકાદો સંભળાવી શકવા કોર્ટ સક્ષમ હોય અને આ કામના આરોપી કયારે હાજર રહેશે તેવી કોઈ ચોકકસ તારીખ આરોપી ના મુકિત રીપોર્ટ માં જણાવેલ ન હોય ત્યારે કેસ ના ચુકાદા માં વિલંબ થવા થી ફરીયાદપક્ષ ને કાયદાથી સ્થાપિત ઉપચાર થી બિનજરુરી સમય સુધી વંચિત રહેવુ પડે તેમ હોય જેથી રેકર્ડ ઉપરની હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોકત ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ને ધ્યાને રાખી આ કામે મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ

કરવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

**(૧)** આરોપી **ગોવિંદભાઈ રણછોડભાઈ ઢાપા** રહે, મું.નાના પીપળવા, તા.મહુવા જી.ભાવનગર. નાઓ ને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૮(૨) ની જોગવાઈ મુંજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી તેઓ ને ૧ વર્ષ ની સાદી કેદ ની સજા તેમજ ચેક ની રકમ રૂ.૨,૦૦,૦૦૦ ની બમણી રકમ રૂ.૪,૦૦,૦૦૦/– નો દંડ કરવામાં આવે છે અને દંડ ની રકમ માં થી ચેક ની રૂ.૨,૦૦,૦૦૦/– ફરીયાદી ને વાર્ષિક ૦૯ ટકાના વ્યાજ સહીત વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** વધુમાં આરોપી દંડ ની રકમ ભરવાની કસુર કરે તો તેઓ ને વધુ ૨ મહીના ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપી ને વિના મુલ્યે આ જજમેન્ટ ની એક નકલ સત્વરે પુરી પાડવી.

આ હુકમ આજરોજ તા.૧૯ માહે.મે. સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં મારી સહીં કરી જાહેર કર્યો.

તા.૧૯/૦૫/૨૦૨૬ (હીતેશકુમાર બુધાભાઈ શર્મા)
મહુવા. એડી.ચિફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,મહુવા.
કોડ નં. જીજે.૦૧૧૪૭